સંકલિત બાળ સુરક્ષા યોજના (ICPS)ના અમલીકરણ બાબત...

સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી અને ડીસ્ટ્રીકટ ચાઈલ્ડ પોટેકશન સોસાયટી/ યુનીટના માનવબળ / મહેકમ

ગુજરાત સરકાર
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
ઠરાવ ક્રમાંક:જજઅ/૧૦૨૦૧૦/૮૭૧૮૫(૨)/છ
સચિવાલય, ગાંધીનગર.

તા.૧૫/૯/૨૦૧૦

વંચાણમાં લીધા:
(૧) ઠરાવ ક્રમાંક:જજઅ/૧૦૨૦૧૦/૮૭૧૮૫/ન.બા./ ૨૦૧૦-૧૧/છ, તા.૧૮.૫.૨૦૧૦ (બે ઠરાવ)
(૨) નિયામકશ્રી (સમાજ સુરક્ષા)ની તા.૨૦.૮.૨૦૧૦ની નોધ

// ઠરાવ //

ભારત સરકાર દ્વારા સંકલિત બાળ સુરક્ષા યોજના (ICPS) અમલમાં મૂકવામાં આવેલ છે. જે અન્વયે રાજયમાં ચાલતી બાળકો માટેની વિવિધ સુરક્ષા યોજનાઓને એક જ છત્ર નીચે લઈ જવામાં આવેલ છે અને તે જ યોજના નીચે ભારત સરકાર તરફથી ગ્રાન્ટ ફાળવવામાં આવનાર છે. આ અંગે ભારત સરકાર સાથે તા.૪.૩.૨૦૧૦ના રોજ એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૦-૧૧ માટે ક્રમાંક:(૧) પરના ઠરાવોથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. યોજનાના અમલ માટે નીચે મુજબનું સ્વતંત્ર માળખુ રચવાનું રહે છે :-

(૧) સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી.

(૨) ડીસ્ટ્રીકટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી / યુનીટ

ઉપરોકત સોસાયટી / યુનીટ માટે માનવબળની જરૂરિયાત ભારત સરકાર તરફથી નિયત કરવામાં આવેલ છે અને તેના માટેનો ફીકસ પગાર પણ નિયત કરવામાં આવેલ છે. ભારત સરકારની યોજના મુજબ રાજયમાં સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી, સ્ટેટ પ્રોજેકટ સપોર્ટ યુનીટ તથા દરેક જિલ્લામાં ડીસ્ટ્રીકટ

ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી / યુનીટ રચવાની બાબત વિચારણા હેઠળ હતી. ઉક્ત બાબતે નીચે મુજબનો નિર્ણય કરવામાં આવેલ છે :--

(૧) સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી માટે કુલ ૧૩ માનવબળની મંજૂરી આપવામાં આવે છે. જે આ સાથેના એનેક્ષર (૧) પર રાખવામાં આવેલ છે. આ એનેક્ષરમાં જણાવ્યા મુજબ માનવબળને માસિક ફીક્સ પગાર ચૂકવવાનો રહેશે.

(૩) દરેક જિલ્લા માટે ડીસ્ટ્રીક્ટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી / યુનીટ માટેના માનવબળની વિગતો એનેક્ષર (૨) પર દર્શાવવામાં આવેલ છે. તેમાં જણાવ્યા મુજબ માસિક ફીક્સ પગારથી માનવબળ મેળવવાનું રહેશે.

(૪) જિલ્લા કક્ષાએ ડીસ્ટ્રીક્ટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી / યુનીટમાં ડીસ્ટ્રીક્ટ ચાઈલ્ડ પ્રોટેક્શન ઓફિસરની જગ્યા પર રાજ્ય સરકારમાંથી નિવૃત્ત થયેલ વર્ગ--૨ના અધિકારીને રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો અનુસારના પગારમાં નિમણૂક આપવાની રહેશે. આ નિમણૂક પ્રથમ એક વર્ષના કરારના આધારે રહેશે.

(૫) જિલ્લામાં કાર્યરત ડીસ્ટ્રીક્ટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી / યુનીટના એકાઉન્ટન્ટની જગ્યા પર નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરીના નિયંત્રણ હેઠળના વર્ગ--૩ના એકાઉન્ટન્ટ કેડરમાંથી ૨૬ જિલ્લાઓમાં પ્રતિનિયુક્તિથી ભરવાની રહેશે. પ્રતિનિયુક્તિ પર લેવાયેલ કર્મચારીઓને તેમના પગાર ધોરણમાં પગાર મળવાપાત્ર થશે. તેમજ રાજ્ય સરકારનો લાભ પણ મળવાપાત્ર થશે.

(૬) ઉપરોક્ત ફકરા--(૫)માં જણાવ્યા મુજબની જગ્યાઓ પર નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી દ્વારા કર્મચારી પૂરા પાડી શકાય તેમ ન હોય તો તેવા સંજોગોમાં આ જગ્યા કરાર આધારિત ભરવાની રહેશે.

(૭) જે માનવબળ કોન્ટ્રેક્ટ બેઈઝથી મેળવવાનું છે તે માટે ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના નિયંત્રણ હેઠળનું કાર્યરત D-SAG પાસેથી મેળવવાનું રહેશે અને આ માનવબળ પ્રથમ તબક્કે ત્રણ વર્ષ માટે અને તેમની કામગીરીના મૂલ્યાંકન બાદ યોગ્ય જણાશે તો વધુમાં વધુ પાંચ વર્ષ માટે રાખી શકાશે. આ માનવબળમાં કામ

કરતી કોઈપણ વ્યક્તિને રાજ્ય સરકારના કર્મચારી ગણવામાં આવશે નહી. તેમજ રાજ્ય સરકાર તરફથી આપવામાં આવતા લાભો આપવામાં આવશે નહી.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૮.૯.૨૦૧૦ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આઈ.એમ. કુરેશી)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ભોંયતળિયુ, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કલેક્ટર શ્રી, તમામ

<u>નકલ રવાના :</u>

- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સામાજિક ન્યાય), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- વિભાગના સર્વે સંયુક્ત સચિવશ્રી / નાયબ સચિવશ્રી.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા વિભાગ / 'જ' શાખા, સચિવાલય, ગાંધીનગર.
- 'બજેટ' શાખા, સામાજિક ન્યાય અને અધિકારી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ.
- નાયબ સેક્શન અધિકારીશ્રી, સિલેક્ટ ફાઈલ.

ANNEXURE

# STAFF PATERN OF

# STATE CHILD PROTECTION SOCIETY (SCPS)

| Sr. No. | Name of post | No. of post | Monthly salary | Mode of recruitment |
|---|---|---|---|---|
| 1 | Programme Manager | 2 | 20,000/- | On Contract |
| 2 | Programme Officer | 4 | 15,000/- | On Contract |
| 3 | Accounts Officer | 1 | 10,000/- | On Contract |
| 4 | Accountant | 1 | 8,000/- | On Contract |
| 5 | Assistant-cum-Computer Operator | 4 | 5,000/- | On Contract |
| 6 | Account Assistant | 1 | 5,000/- | On Contract |
| | TOTAL | 13 | | |

**ANNEXURE-II**

# STAFF PATERN OF DISTRICT CHILD PROTECTION SOCIETY (DCPS)

| Sr. No. | Name of post | No. of post as per the scheme | At District level posts | Receivable Monthly salary | Mode of recruitment |
|---|---|---|---|---|---|
| 1 | District Child Protection Officer | 1 | 26 | 19,000/- | On Deputation/ On Contract |
| 2 | Protection Officer, Institutional Care | 1 | 26 | 12,000/- | On Contract |
| 3 | Protection Officer, Non-Institutional Care | 1 | 26 | 12,000/- | On Contract |
| 4 | Legal-cum-Probation Officer | 1 | 26 | 12,000/- | On Contract |
| 5 | Counsellors | 1 | 26 | 8,000/- | On Contract |
| 6 | Social Worker | 2 | 52 | 8,000/- | On Contract |
| 7 | Accountant | 1 | 26 | 8,000/- | On Contract |
| 8 | Data Analyst | 1 | 26 | 8,000/- | On Contract |
| 9 | Assistant Cum Data Entry Operator | 1 | 26 | 5,000/- | On Contract |
| 10 | Outreach Workers | 2 | 52 | 4,000/- | On Contract |
| | **TOTAL** | **12** | **312** | | |